BRAMPTON **Service and Information Update**

# ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ પ્રોવિન્સમાં ત્રીજી વાર કટોકટીની સ્થિતિની ઘોષણા કરી

## *સમગ્ર પ્રોવિન્સમાં ઘરે રહેવાનો હુકમ એપ્રિલ 8 થી અમલમાં*

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 7, 2021) – આજે, ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ સિવિલ પ્રોટેક્શન એક્ટ (EMCPA) હેઠળ ત્રીજી વાર કટોકટીની સ્થિતિ જાહેર કરી જે તાત્કાલિક અમલી બને છે, અને સમગ્ર પ્રોવિન્સમાં ઘરે રહેવાના હુકમની ઘોષણા કરી જે એપ્રિલ 8, 2021 થી અમલી બને છે, જે ઓછામાં ઓછાં ચાર અઠવાડિયા સુધી રીજીયન ઓફ પીલ સહિત ઓન્ટેરિયો માટે અમલમાં રહેશે.

ઘરે રહેવાના હુકમમાં ગ્રોસરી સ્ટોર કે ફાર્મસીમાં ખરીદી કરવા જવું, આરોગ્ય સંભાળ સેવાઓ મેળવવી, વ્યાયામ માટે અથવા અનિવાર્ય કામકાજ માટે બહાર જવું જેવા અનિવાર્ય હેતુઓના અપવાદો સિવાય દરેક વ્યક્તિએ ઘરે રહેવું અનિવાર્ય બનશે.

આ ઓર્ડરનો હેતુ અને અન્ય જાહેર આરોગ્ય નિયંત્રણો લોકોની ચલાયમાનતા સીમિત કરવાનો અને ઘરના ત્વરિત સંપર્કો બહારની વ્યક્તિઓ સાથે રોજ થતા સંપર્કોની સંખ્યા ઘટાડવાનો છે. અનિવાર્ય પ્રવાસ માટે બહાર જવાનું સીમિત કરવા ઉપરાંત, બધાં ધંધાઓએ ઘરેથી કામ કરી શકતા કોઈપણ કર્મચારી, ચોક્કસપણે ઘરેથી જ કામ કરતા હોવાની ખાતરી કરાવવી રહી.

### રિટેઈલ (છૂટક વેચાણ)

વધુમાં, આપણું પ્રોવિન્સ સમગ્ર પ્રોવિન્સને આવરી લેતી ઈમરજન્સી બ્રેક હેઠળ બિન-અનિવાર્ય રિટેઈલ માટે જાહેર આરોગ્ય અને કાર્યસ્થળે સુરક્ષા ઉપાયોને પણ મજબૂત બનાવી રહ્યું છે. ઉપાયોમાં નીચેની બાબતો સામેલ છે, પરંતુ માત્ર તેટલી જ સીમિત નથી:

- મોટા ભાગના નોન-એસેન્સિયલ (અનિવાર્ય સિવાયના) રિટેઈલર્સને માત્ર કર્બસાઈડ પિક-અપ અને ડિલિવરી, એપોઈન્ટમેન્ટ મારફતે, સંચાલન સવારના 6 અને સાંજે 8 વાગ્યા વચ્ચેના સમયગાળા સુધી સીમિત રાખવા, જેમાં પેટ્રન્સને સામાનનું વિતરણ સવારે 6 અને રાત્રે 9 વાગ્યા વચ્ચે, અને અન્ય પ્રતિબંધો અમલમાં રહે છે;
- શોપિંગ મૉલની અંદર એક અકેલું નિર્ધારિત સ્થળ, અને શોપિંગ મૉલ બહાર નિર્ધારિત સંખ્યાના સ્થળો વડે, કર્બસાઈડ પિક-અપ અને ડિલિવરી માટે, એપોઈન્ટમેન્ટ મારફતે પહોંચ સહિત, સીમિત ચોક્કસ હેતુસર શોપિંગ મૉલ્સમાં પ્રવેશ પ્રતિબંધિત કરવો, જેની સાથે સાથે અન્ય પ્રતિબંધો અમલમાં રહે છે;
- ડિસ્કાઉન્ટ અને બિગ બોક્સ સ્ટોર્સમાં રૂબરૂમાં રિટેઈલ વેચાણને માત્ર અનાજ-કરિયાણાંની વસ્તુઓ, પાળેલા પ્રાણીઓની સંભાળને લગતો પુરવઠો, ઘરબારની સફાઈ ચીજવસ્તુઓનો પુરવઠો, દવાઓ સંબંધિત વસ્તુઓ, આરોગ્ય સંભાળ વસ્તુઓ, અને અંગત સંભાળ વસ્તુઓ સુધી પ્રતિબંધિત કરવો;
- નીચેના સ્ટોર્સને રૂબરૂમાં રિટેઈલ વેચાણના સંચાલનને માત્ર એપોઈન્ટમેન્ટથી અને 25 ટકાની ક્ષમતા સીમાને અધીન અને સંચાલનની છૂટ સવારે 7 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા વચ્ચે અને પેટ્રન્સને સામાન વિતરણની પરવાનગી સવારે 6 અને રાત્રે 9 વાગ્યા વચ્ચે આપવી:
    - સેફ્ટી સપ્લાય સ્ટોર્સ;
    - સહાયક ઉપકરણો, સહાયતા સાધનો કે પુરવઠો, ચલાયમાનતાને લગતા સાધનો, સહાયતા સાધનો કે પુરવઠો અથવા તબીબી સાધનો, સહાયતા સાધનો કે પુરવઠો મુખ્યત્વે વેચતા, ભાડે આપતા કે રિપેર કરતા ધંધાઓ;
    - ઓટોમોબાઈલ, વાણિજ્યક અને હળવા ઔદ્યોગિક યંત્રો અને સાધનો ભાડે આપવા સહિતની રેન્ટલ અને લીઝિંગ સેવાઓ;
    - જાહેર જનતાને પ્રિસ્ક્રિપ્શન પર ચશ્મા વેચતા ઓપ્ટિકલ સ્ટોર્સ;
    - મોટર વાહનો, બોટ્સ અને અન્ય વૉટરક્રાફ્ટનું વેચાણ કરતા ધંધાઓ;
    - વાહન અને સાધન રિપેર અને અનિવાર્ય નિભાવ-જાળવણી અને વાહન અને સાધનોની રેન્ટલ સેવાઓ; અને
    - ટેલિકોમ્યુનિકેશન્સ પ્રોવાઈડર કે સર્વિસ દ્વારા સંચાલિત રિટેઈલ સ્ટોર્સ, જે જાહેર જનતાને માત્ર સેલફોન ખરીદવા અથવા રિપેર્સ કે ટેકનિકલ સહાયતા માટે ઈમારતમાં પ્રવેશવાની પરવાનગી આપી શકે.

- જાહેર જનતાને વેચાણમાં પ્રવૃત્તમય હોય તેવા આઉટડોર ગાર્ડન સેન્ટર્સ અને પ્લાન્ટ નર્સરીસ, અને ઈનડોર ગ્રીનહાઉસીસને, 25 ટકાની ક્ષમતા સીમા સાથે સંચાલન કરવાની અને સંચાલન સવારે 7 અને રાત્રે 8 વાગ્યા વચ્ચે રાખવાની પરવાનગી આપવી.

પ્રોવિન્સની ત્રીજી કટોકટી વિશે વધુ અહીં વાંચો.

**સીટી સર્વિસીસ અને ફેસિલિટીસ**

***સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો***

સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો માત્ર એપોઇન્ટમેન્ટથી રૂબરૂમાં સેવાઓ માટે ખુલ્લી છે. વૉક-ઇન્સને પરવાનગી આપવામાં આવી નથી. એપોઇન્ટમેન્ટ બૂક કરાવવા, વેબસાઈટ જુઓ www.brampton.ca/skiptheline.

***સીટી રિક્રિએશન સેન્ટર્સ***

સીટી ઓફ બ્રેમ્પટનની બધી મનોરંજનલક્ષી સગવડો જાહેર જનતા માટે બંધ રહેશે અને ઈનડોર પ્રોગ્રામ્સ આગળ નોટિસ આપતા સુધી રદ રહેશે.

***વર્ચ્યુઅલ પ્રોગ્રામ્સ***

વર્ચ્યુઅલ ફિટનેસ

રહેવાસીઓને ઈન્સ્ટ્રક્ટરની આગેવાનીમાં તાલીમબદ્ધ ફિટનેસ ઈન્સ્ટ્રક્ટર્સ સાથે 30-મિનિટના મફત લાઈવ વર્કઆઉટ્સના વર્ચ્યુઅલ ફિટનેસ વર્ગોમાં સહભાગી થવાનું નિમંત્રણ આપવામાં આવે છે.

55+ વર્કશોપ્સ

55 વર્ષ અને વધારે ઉંમરના બ્રેમ્પટનવાસીઓ પોતાના ઘરેથી વર્ચ્યુઅલ વર્કશોપ્સ માટે મફતમાં નોંધણી કરાવી શકે છે. સહભાગીઓ પાસે સુરક્ષિત અને સંરચિત વાતાવરણમાં સોશિયલાઈઝ થવાની, નવા મિત્રો બનાવવાની અને ઓનલાઈન જોડાવાની તક રહેશે.

સર્વગ્રાહી વર્ચ્યુઅલ પ્રવૃત્તિઓ અને વર્કશોપ્સ

આ શ્રેણી અશક્તતા ધરાવતા અને અપવાદમય સહભાગીઓ માટે પ્રવૃત્તિઓમાં જોડાવાની, કંઈક નવું શીખવાની અને સમોવડિયાઓ સાથે સ્થાયી મિત્રતા બનાવવાની ચડિયાતી તક છે.

નોંધણી કેવી રીતે કરવી તે સહિત, વર્ચ્યુઅલ પ્રોગ્રામ ઓફર્સ સંબંધમાં વધુ માહિતી વેબસાઈટ www.brampton.ca/recreation પર ઓનલાઈન જોઈ શકાય છે.

***રૅક એટ હોમ (Rec At Home)***

ઘરે બેઠાં સ્વ-માર્ગદર્શક ઓનલાઈન આર્ટ્સ અને ક્રાફ્ટ ટ્યુટોરિયલ્સ સાથે સક્રિય અને પ્રવૃત્તમય રહો, 24/7 પહોંચ સુલભ! ઓરિગામી હાર્ટ્સ બનાવવાની રીત શીખો, તમારી કેલિગ્રાફી આવડતો, અને ઘણાં બધાંનો મહાવરો કરો. વિવિધ રૅક એટ હોમ પ્રવૃત્તિઓમાં અહીંથી પ્રવેશો, તેને બ્રેમ્પટન રિક્રિએશને પ્રેમપૂર્વક બનાવી છે.

**મેન્ડેટરી ફેસ કવરિંગ્સ**

મેન્ડેટરી ફેસ કવરિંગ્સ બાય-લૉ હેઠળ, બ્રેમ્પટનમાં બધી ઈનડોર જાહેર જગ્યાઓમાં નોન-મેડિકલ માસ્ક્સ કે ફેસ કવરિંગ્સ પહેરવા અનિવાર્ય છે. જાહેર સંસ્થાઓ અને ધંધાઓએ પોતાના નિયંત્રણ હેઠળની ઈનડોર જાહેર જગ્યાઓમાં માસ્ક્સ કે ફેસ કવરિંગ્સ પહેરવામાં આવતા હોવાની

ખાતરી કરવી અનિવાર્ય છે.

આ બાય-લૉ (પેટા-કાનૂન) મુક્તિ આપે છે, તબીબી કારણોસર માસ્ક કે ફેસ કવરિંગ ના પહેરી શકે તેવી વ્યક્તિઓ સહિતની ચોક્કસ વ્યક્તિઓને; બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને; કટોકટી હુકમો અનુસાર એથલેટિક (કસરતી) પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તમય લોકોને. વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ: www.brampton.ca/masks.

રહેવાસીઓ અને ધંધાઓ વધુ માહિતી અને સર્વિસ વિનંતીઓ માટે 311 નંબર પર કૉલ કરી શકે છે, વેબસાઈટ www.311brampton.ca જોઇ શકે છે અથવા 311 મોબાઈલ ઍપનો ઉપયોગ કરી શકે છે.

**લિંક્સ (કડીઓ)**
વધુ માહિતી મેળવો:

- સીટી ઓફ બ્રેમ્પટન COVID-19 પ્રોગ્રામિંગ અને સર્વિસ અપડેટ્સ
- સીટી ઓફ બ્રેમ્પટન – શું ખુલ્લું છે, શું બંધ છે
- COVID-19 નાં લક્ષણો
- COVID-19 વેક્સીન (રસી)
- બ્રેમ્પટનમાં ટેસ્ટિંગ
- સેલ્ફ-આઈસોલેટ કેવી રીતે થવું
- COVID-19 દરમિયાન ધંધાઓ અને કાર્યસ્થળોને સુરક્ષિત રાખવા
- પીલમાં COVID-19 નાં કેસીસ

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca